https://www.gujaratijagran.com/gujarat/ahmedabad/edii-and-ntpc-join-hands-for-women-empowerment-through-entrepreneurship-178104

# Women Empowerment: EDII અને NTPCએ ઉદ્યોગસાહસિકતા દ્વારા મહિલા સશક્તિકરણ માટે હાથ મિલાવ્યાં

By: Nilesh Zinzuwadia | Updated: Sat 12 Aug 2023 06:15 PM (IST)



**Women Empowerment:** ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (EDII)ની માન્યતા ધરાવાત સેન્ટર ઓફ એક્સલન્સ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDII)એ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ (NTPC)ના સીએસઆર વિભાગ સાથે શુક્રવારે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (MoU) ઉપર હસ્તાક્ષર કર્યાં છે.

આ MoU અંતર્ગત EDII તથા NTPC નોઇડાના આસપાસના વિસ્તારોમાં વંચિત મહિલાઓને નવી એન્ટરપ્રાઇઝની રચના કરવામાં સહયોગ કરશે. વધુમાં EDII વંચિત મહિલાઓના લાભાર્થે કોલ્ડ કોમ્પ્રેસ્ડ ઓઇલ યુનિટની સ્થાપના પણ સુનિશ્ચિત કરશે. સહભાગી મહિલાઓને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન દ્વારા આ પહેલને મજબૂત કરાશે.

NTPCએ તેની CSR પહેલ અંતર્ગત મહિલાઓને સશક્ત કરવા તથા તેમને ઉદ્યોગસાહસિક અને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિના ભાગરૂપે આ પહેલ કરી છે. સ્વ-સહાય જૂથની કુલ 30 મહિલાઓને એક વર્ષના સમયગાળામાં સ્વતંત્ર અને સશક્ત કરાશે.

એક્સેંચર, HSBC, ટાટા કમ્યુનિકેશન્સ, એમેઝોન ઇન્ડિયા, ફેસબુક, ONGC, બેયર, HCL વગેરે જેવાં કોર્પોરેટ હાઉસની સીએસઆર પહેલો માટે ઇડીઆઇઆઇ મહિલા ઉદ્યોગસાહસિકતા અને સશક્તિકરણના ઘણાં પ્રોગ્રામ લાગુ કરે છે.

અત્યાર સુધીમાં સેન્સિટાઇઝેશન પ્રોગ્રામ, આંત્રપ્રિન્યોરશીપ ક્ષમતા નિર્માણ પ્રોગ્રામ, ડોમેન અને સ્કિલ ટ્રેનિંગ, નેટવર્કિંગ અને માર્કેટિંગ એક્સપોઝર, માર્ગદર્શન અને સહયોગ દ્વારા ઇન્સ્ટિટ્યૂટ દેશભરમાં 39,142 મહિલાઓ સુધી પહોંચી છે.